# GUJARAT LEGISLATIVE ASSEMBLY ચૌદમી વિધાનસભા

## છઠ્ઠું સત્ર

## ગુરુવાર, ૦૫ માર્ચ, ૨૦૨૦

## <u>બપોરે ૧૨:૦૦વાગ્યે</u>

1.
**<u>પ્રશ્નોત્તરી</u>**
**<u>તારાંકિત પ્રશ્નોત્તરી</u>**

(૧) માનનીય શિક્ષણ(પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, મીઠા ઉદ્યોગ, ગૌ-સંવર્ધન, નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી
(૨) માનનીય આદિજાતિ વિકાસ, વન, મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી
(૩) માનનીય પંચાયત, પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

2. **<u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો</u>**

(1)
ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**<u>......માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ</u>**

(2)
ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**<u>......માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા</u>**

(3)
ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**<u>......માનનીય રાજ્યકક્ષાના પશુપાલન મંત્રીશ્રી બચુભાઈ ખાબડ</u>**

(4)
ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**<u>.....ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ</u>**

(5) ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

<u>.....ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ</u>

(6) ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ

<u>......માનનીય રાજ્યકક્ષાના અન્ન , નાગરિક પુરવઠા મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા</u>

(7) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૧૮-૧૯ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

<u>......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ</u>

(8) નાણા વિભાગના સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ તથા ગુજરાત માલ અને સેવા કર નિયમો અન્વયેના આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબના કુલ-૧૮ જાહેરનામા તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક ૧ થી ૮ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન

<u>......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ</u>

3. <u>અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)</u>

4. <u>બિન-સરકારી કામકાજ</u>
<u>બિન-સરકારી સંકલ્પો</u>

(1) <u>માનનીય સભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારીનો સંકલ્પ(૬૦ મિનિટ)</u>

માનવ જીવનનું અસ્તિત્વ ટકાવવા જળ ઘણું મહત્વનું છે. પીવાના પાણીની સમસ્યાના કાયમી હલ તરીકે ‘જળ સંચય અભિયાન’ દ્વારા ગુજરાત સરકારે જન આંદોલન શરૂ કર્યુ છે. કેન્દ્ર સરકારે જલશક્તિ મંત્રાલયની પહેલરૂપ રચના કરેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં દરેક ઘરને સ્વચ્છ અને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી શક્યતઃ પોતાના નિવાસસ્થાનની આસપાસ મળી રહે તે હેતુથી કેન્દ્ર સરકારે ‘નેશનલ રૂરલ ડ્રિન્કીંગ વોટર પ્રોગ્રામ’ અમલમાં મૂકેલ છે.

કેન્દ્ર સરકારે ‘જલ જીવન મિશન’ અંતર્ગત પાણી પૂરવઠા ગ્રીડ દ્વારા ૧૩૩૦૦ થી વધુ ગામો અને ૨૦૩ શહેરી વિસ્તારો જોડવાની કામગીરી પૂર્ણ કરી ગ્રામીણ વિસ્તારોમાં ૭૮ ટકા ઘરોમાં નળ જોડાણની સિધ્ધિ હાંસલ કરેલ છે તેમજ ગ્રામ્ય વિસ્તારમાં દરેક ઘરને નળનું જોડાણ આપવાનો લક્ષ્યાંક સને ૨૦૨૪ સુધીમાં પ્રાપ્ત કરવાનો નિર્ધાર કર્યો છે. ગુજરાત રાજ્યમાં પણ ગ્રામ્ય વિસ્તારમાં બાકી રહેલ આશરે ૧૭ લાખ ઘરોમાં ઓગસ્ટ-૨૦૨૨ સુધીમાં નળ જોડાણ દ્વારા પીવાનું શુદ્ધ પાણી પુરુ પાડવા આગામી વર્ષના બજેટમાં રૂ.૭૨૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

પીવાના પાણીના સ્ત્રોતનો વિકાસ અને ઉપલબ્ધ સ્ત્રોતોનું એકીકરણ, પાણીની ગુણવત્તા અર્થે પાણીને પીવાલાયક બનાવવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ, પાઈપલાઈન મારફત પીવાનું પાણી પહોંચાડવાની હાલ અમલી હોય તેવી યોજના, જરૂરી

એસેસરીઝનું ફીટીંગ હાથ ધરવું, તળાવો ઊંડા કરવા, વપરાયેલા પાણીનું શુદ્દિધકરણ કરીને પુનઃ ઉપયોગ માટે ઉપલબ્ધ કરાવવું, નદીઓ સાફ કરવી જેવા અભિયાન સાથેનું આ મિશન છે.

ગ્રામ્ય વિસ્તારમાં પ્રત્યેક ઘરને પ્રતિદિન ૫૫ લીટર પર કેપીટા પાણી પ્રાપ્ત થાય તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. રાજ્ય કક્ષાએ સ્ટેટ વોટર એન્ડ સેનિટેશન મિશન, જિલ્લા કક્ષાએ ડિસ્ટ્રીક્ટ વોટર એન્ડ સેનિટેશન મિશન અને ગ્રામ્ય કક્ષાએ પાણી સમિતિ, ઉપયોગકર્તાના સમૂહો જેવું સંસ્થાકીય માળખુ ગોઠવીને ૩૦૦૦ MLD પાણીનું વિતરણ કરીને પીવાના પાણીના જથ્થાની બાબતમાં રાજ્ય જળ સલામતી તરફ અગ્રેસર છે. આમ, થવાથી લોકોના જીવન ધોરણમાં નોંધપાત્ર સુધારો આવશે.

ગ્રામ્યસ્તરે પાણી સમિતિઓની રચના તથા મૂડી ખર્ચના ૧૦%નો ફાળો જનસમાજમાંથી આવતાં વપરાશકારોમાં માલિકીપણાનો ભાવ પણ ઉત્પન્ન થશે અને વધુ સારી રીતે અમલીકરણ, લાંબા ગાળાનું આયોજન તથા યોજનાની જાળવણીમાં પારદર્શિતા આવશે. રાજ્યના પછાત અને છેવાડાના વિસ્તારોમાં આંતરિક પેયજળની કામગીરી ઝડપી થાય અને સમયસર નળ જોડાણનો લાભ મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિસ્તારો અને અનુસૂચિત જનજાતિની વસ્તી ધરાવતા ગામોને લોકફાળામાંથી મુક્તિ આપેલ છે. ૮૦૦૦ ફળિયાઓને મુખ્ય ગામના સમ્પથી જોડાવાનુ, ફળિયા તેમજ ગામ ખાતે જરૂરિયાત મુજબની સંગ્રહક્ષમતા ઉભી કરવા આગામી ૨ વર્ષમાં રૂ.૧૦૦૦ કરોડના કામો હાથ ધરવામાં આવનાર છે.

બિનસરકારી સંગઠનો, સ્વૈચ્છિક સંગઠનો, સ્વાશ્રયી મહિલા સમુહોને યોજનામાં સહભાગી તરીકે જોડતા ગ્રામ્યજનોમાં જાગૃતિ લાવવામાં તથા યોજનાના આયોજન અને અમલીકરણમાં વેગ આવશે. નિશ્ચિત લક્ષ્યાંકો સિદ્ધ કરવા અને ચોક્કસ પરિણામોને નિર્ધારીત કરવા દરેક કાર્યરત નળ જોડાણને આધાર નંબર સાથે જોડવાનો પ્રયત્ન થશે. મિશન અંતર્ગત ઉભા કરવામાં આવેલ માળખાનું રાજ્ય સરકાર થર્ડ પાર્ટી દ્વારા ઈન્સ્પેકશન કરાવશે.

જળવ્યવસ્થાપન ક્ષેત્રે સતત ત્રીજા વર્ષે દેશમાં પ્રથમ ક્રમ મેળવનાર ગુજરાતને ગ્રામીણ ક્ષેત્ર માટેના 'જલજીવન મિશન' અંતર્ગત 'નલ સે જલ તક' અભિયાન સમયમર્યાદામાં પુરુ કરવા જરૂરી પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

(2)
**<u>માનનીય સભ્યશ્રી અરવિંદ પટેલનો સંકલ્પ( ૬૦ મિનિટ)</u>**

વિડીયો ઈન્ટીગ્રેશન એન્ડ સ્ટેટ વાઈડ એડવાન્સ સીક્યુરીટી પ્રોજેક્ટ ('વિશ્વાસ') CCTV આધારિત સર્વેલન્સ અને ટ્રાફિક મેનેજમેન્ટ મારફત રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેનો મહત્વનો પ્રોજેક્ટ છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના ૩૪ જિલ્લાના મુખ્ય મથકો ઉપરાંત અંબાજી, પાવાગઢ, પાલિતાણા, સોમનાથ, દ્વારકા તથા ડાકોર જેવા યાત્રાધામો તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટીને આવરી લેવાયેલ છે. પ્રોજેક્ટ અંતર્ગત અંદાજે સાત હજાર CCTV કેમેરા પૈકી અંદાજે છ હજાર CCTV કેમેરા ઈન્સ્ટોલ કરી દેવાયેલ છે. રાજ્ય સ્તરના કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર બનાવવાની કાર્યવાહી હાલ જારી છે. જેની સાથે જિલ્લા કક્ષાના કમાન્ડ અને કંટ્રોલ સેન્ટરને જોડવામાં આવનાર છે. સમગ્ર પ્રોજેક્ટ પાછળ અંદાજીત ૩૨૯ કરોડનો ખર્ચ થશે.

'વિશ્વાસ' પ્રોજેક્ટ ગુનાઓની તપાસ અને ગુનાઓ થતા અટકાવવામાં, ટ્રાફિક નિયમનમાં, યાત્રાધામોમાં મેળાવડા સમયે થતી ભીડને કાબૂમાં લેવા, બિનવારસી સામાન કે વસ્તુ ડીટેક્ટ કરવા, રોંગ સાઈડ ચાલતા વાહનને શોધવા, ગેરકાયદેસર પાર્ક થયેલ વાહનને શોધવામાં તેમજ પ્રતિબંધિત વિસ્તારમાં વ્યક્તિ, વાહન કે અજાણ્યા સાધનો દ્વારા થતી ઘૂસણખોરીને શોધી કાઢવા સહાયરૂપ થશે. આમ, આ પ્રોજેકટના અમલીકરણથી રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી અર્થે અદ્યતન સુવિધા પ્રાપ્ત થશે.

સાયબર એસ્યોર્ડ આસીસ્ટન્સ સર્વિસ હેલ્પ લાઈન ફોર વિક્ટીમ્સ એટ શોર્ટેસ્ટ ટાઈમ (સાયબર આશ્વસ્ત) રાજ્યના તમામ નાગરિકોને સાયબર સુરક્ષા પૂરી પાડવા અને સાયબર ક્રાઈમના ગુનાનો ભોગ બનનાર તમામ નાગરિકોને ત્વરિત મદદરૂપ થવા માટેનો અન્ય એક પ્રોજેક્ટ જેનો શુભારંભ જાન્યુઆરી-૨૦૨૦માં કરવામાં આવેલ છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત સાયબર ક્રાઈમ પ્રિવેન્શન યુનિટ આરોપીના મોબાઈલ નંબરનું એનાલિસિસ કરી નાગરિકોને ગુનાનો ભોગ બનતા અટકાવવા માટે સચેત રહેવા સૂચના આપે છે. જ્યારે સાયબર ક્રાઈમ ઈન્સીડન્ટ રિસ્પોન્સ યુનિટને સાયબર ક્રાઈમનો ભોગ બનનાર નાગરિક નંબર ૧૦૦ અને નવરચિત ૭ જિલ્લા માટે નંબર ૧૧૨ મારફત સાયબર ક્રાઈમ અંગેની ફરિયાદ કરી શકે છે. જે સંદર્ભમાં સાયબર ક્રાઈમના નિષ્ણાત દ્વારા જરૂરી મદદ પૂરી પાડી પેમેન્ટ બ્લોક કરાવવાના પ્રયત્ન થાય છે.

ખાસ કરીને મહિલાઓ, તરૂણ યુવાનો/યુવતીઓને મોબાઈલ ફોન, કોમ્પ્યુટર કે ઈન્ટરનેટ જેવા માધ્યમો વડે ડરાવવાના,

ધમકાવવાના, અપમાન કરવાના કે ગુસ્સો પ્રેરીત કરવાના મેસેજ સંદર્ભમાં પણ એન્ટી સાયબર બુલીંગ યુનિટ ઉપરોક્ત હેલ્પલાઈન નંબરો દ્વારા યોગ્ય ટેકનીકલ માર્ગદર્શન આપે છે તેમજ કાનૂની કાર્યવાહી પણ હાથ ધરે છે.

આ ઉપરાંત અલગ અલગ રાજ્યોના આરોપીઓ પકડવા, ગુનાને લગતા પુરાવા મેળવવા, સમન્સ કે વોરન્ટ માટે મદદ મેળવવા કે ગુનાની તપાસ દરમ્યાનની જરૂરિયાતો માટે તેમજ સાયબર ક્રિમિનલ દ્વારા લોકોને સાયબર ક્રાઈમનો ભોગ બનતા અટકાવવા સાયબર ક્રાઈમ કો-ઓર્ડીનેશન પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે.

આમ, સાયબર ક્રાઈમ સંબંધિત ગુનાઓને અટકાવવામાં, ભોગ બનનાર વ્યક્તિઓને સહાયરૂપ થવામાં અને નાગરિકોની સાયબર સુરક્ષા માટે સાયબર આશ્વસ્ત પ્રોજેક્ટ વરદાનરૂપ બની રહેશે.

ઈ-ગુજકોપ એપ્લીકેશન એક વિશિષ્ટ પ્રકારની એપ્લીકેશન છે. જેમાં ગૃહ વિભાગના તમામ ખાતાના વડાઓની કામગીરીને આઈ.ટી. સાથે સાંકળવામાં આવી છે. ઈ-ગુજકોપ પ્રોજેક્ટમાં કુલ ૧૬ મેન્ડેટરી સર્વિસ અને સિટીઝન સેન્ટ્રીક સર્વિસને આવરી લેવામાં આવેલ છે. જેમાં F.I.R. નોંધાયા બાદ સિટીઝન પોર્ટલ ઉપર ૨૪ કલાકમાં ૧૦૦% F.I.R. ઓનલાઈન ઉપલબ્ધ થાય છે. આ પ્રોજેક્ટમાં ૧૬ લાખથી વધુ તહોમતદારોની વિગતો, ખોવાયેલી વ્યક્તિઓની વિગતો, વાહનોની સંપૂર્ણ માહિતી વગેરેનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીશ્રીના ''પ્રગતિ ડેશબોર્ડ'' હેઠળ ગુજરાતની કામગીરીનું મૂલ્યાંકન થતાં સતત પ્રથમ સ્થાને રહેવા પામેલ છે.

પોલીસ ખાતાની કામગીરીને અદ્યતન તકનીકોના ઉપયોગથી વધુ અસરકારક અને સિટીઝન સેન્ટ્રીક બનાવવા માટે પોકેટ કોપ તથા સિટીઝન ફર્સ્ટ જેવી મોબાઈલ એપ્લીકેશન કાર્યરત છે. પોકેટ કોપ અંતર્ગત પાસપોર્ટ વેરીફિકેશન, ગુનેગારની ઝડપી અને બિનચૂક શોધ, ગુમ થયેલા વ્યક્તિની શોધ અને વાહન શોધ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. સિટીઝન ફર્સ્ટ એપ થકી નાગરિકોને પોલીસ સ્ટેશન ગયા વગર ચોરાયેલ/ગુમ થયેલ મિલકતની અરજી, ડ્રાઈવર, ઘરઘાટી, ભાડૂઆતની નોંધણી વગેરે સુવિધાઓ મળી રહે છે.

આમ, સામાન્ય જનને સહાય થાય તેવા વિવિધ પ્રોજેક્ટોનો પ્રજાજનોમાં યોગ્ય પ્રચાર અને પ્રસાર થાય અને લોકો તેનો વધુમાં વધુ લાભ લઈ સાયબર ક્રાઈમનો ભોગ બનતા અટકે તે માટે જરૂરી આયોજન કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

(3)

**<u>માનનીય સભ્યશ્રી આર. સી. મકવાણાનો સંકલ્પ</u>** (માનનીય સભ્યશ્રી આર. સી. મકવાણાનો સંકલ્પ નિયમ-૧૧૭(૫)ના પરંતુકની જોગવાઈને આધીન છે.)

ઊર્જાની પંચશકિતઓ એટલે કે સૌર ઊર્જા, પવન ઊર્જા, થર્મલ, હાઈડ્રો અને ગેસનો વીજ ઉત્પાદનમાં વિનિયોગ કરવાની નવતર પહેલ લોકનેતા શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ કરી ઊર્જા ઉત્પાદન-વિતરણમાં ગુજરાત રાજ્યએ અગ્રેસરતા પ્રાપ્ત કરી છે.

વર્ષ ૨૦૧૫માં થયેલ પેરિસ સંધિના અનુસંધાને સ્વચ્છ ઉર્જાને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં રિન્યુએબલ એનર્જીનો ૧૭૫ ગીગાવોટનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. જે પૈકી રાજ્ય સરકાર દ્વારા ૨૦,૦૦૦ મેગાવોટનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

આ લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સોલાર વિન્ડ હાઈબ્રીડ પોલીસી, સોલાર રૂફટોફ પોલીસી, સ્મોલ સ્કીલ ડિસ્ટ્રીબ્યુટેડ સોલાર પ્રોજેક્ટ પોલીસી, બીડીંગ પ્રોસેસ દ્વારા વિજ ઉત્પાદકોને પ્રોત્સાહિત કરવા, GETCO ના સબસ્ટેશનની નજીકની સરકારી પડતર જમીન નજીવા દરે ભાડાપટ્ટે આપવી તેમજ રાજ્યની જનરેશન કંપની (GSECL) દ્વારા પાવર સ્ટેશનની અંદર સોલાર પ્રોજેક્ટની સ્થાપના કરવા નીતિ ઘડાયેલ છે.

ગુજરાત રાજ્ય રિન્યુએબલ એનર્જીનાં ઉત્પાદનમાં અગ્રેસર છે. હાલમાં રાજ્યમાં કાર્યરત પવનઊર્જા, સૌરઊર્જા, બાયોમાસ અને સ્મોલ હાઈડ્રોની તમામની કુલ સ્થાપિત ક્ષમતા રાજ્યમાં ૩૪૭૩૩ મેગાવોટ છે જ્યારે રિન્યુએબલ એનર્જીની કુલ સ્થાપિત ક્ષમતા ૧૦૩૭૬ મેગાવોટ છે. આમ, ગુજરાતની કુલ સ્થાપિત ક્ષમતામાં રિન્યુએબલ એનર્જીનો ફાળો આશરે ૩૦% છે.

ગુજરાત રાજ્ય ભૌગોલિક દ્રષ્ટિએ સૌર ઊર્જા અને પવન ઊર્જાના ઉત્પાદન માટે ખૂબ જ વિપુલ તકો ધરાવે છે. રાજ્યમાં અંદાજે ૧૬૦૦ કિ.મી. જેટલો લાંબો દરિયાકિનારો હોઈ પવન ઊર્જાનું ઉત્પાદન વિપુલ પ્રમાણમાં મેળવી શકાય છે. આ ઉપરાંત, રાજ્ય પાસે રણ વિસ્તાર તથા બિનફળદ્રુપ જમીન વિપુલમાત્રામાં હોઈ તેના માધ્યમથી સૌર ઊર્જા ઉત્પાદન કરી વીજળી મેળવી

શકાય તેમ છે. જે કોલસા અને ગેસના માધ્યમથી થતી પરંપરાગત ઊર્જા ઉત્પાદનના કારણે પર્યાવરણને થતું નૂકશાન ખાળવામાં મદદરૂપ પૂરવાર થાય તેમ છે.

સસ્તા દરે વીજળી ઉત્પન્ન થવાથી પરિણામ સ્વરૂપે રાજ્યના ગ્રાહકોને ફાયદો થશે. આ ઉપરાંત, વીજ સબસીડીનું ભારણ પણ ઘટશે અને વધતી વીજમાંગને સંતોષવા મદદ મળશે. આ પ્રકારના પ્રોજેક્ટથી ઉત્પન્ન થતો વીજપુરવઠો ખેડૂતોને દિવસ દરમ્યાન વીજપુરવઠો આપવા મદદરૂપ થશે.

રહેણાંક ક્ષેત્રે સોલાર રૂફટોપ જેવી યોજનાને વધુમાં વધુ પ્રોત્સાહિત કરવામાં આવે તો વીજગ્રાહકો ક્લીન અને ગ્રીન એનર્જીનો ઉપયોગ કરી સસ્તી વીજળી મેળવી શકે છે. ગુજરાતની આ યોજના હેઠળ આગામી સમયમાં અંદાજે ૨ લાખ કુટુંબોને આવરી લેવા બજેટમાં અંદાજે રૂ.૯૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. સૌર ઊર્જાના વિકાસ થકી રાજ્યના યુવા વર્ગની રોજગારીમાં વધારો કરી શકાશે.

સૌર ઊર્જા, પવન ઊર્જા, હાઈબ્રીડ પાર્ક, સોલાર પંપ જેવા સ્રોતો દ્વારા વધુને વધુ ઊર્જા ઉત્પન્ન કરી તેનો વધુમાં વધુ લોકો દ્વારા ઉપયોગ થાય તે માટે લોકોમાં જાગૃતિ લાવવાના વ્યાપક પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**ગાંધીનગર-૩૮૨૦૧૦,** **શ્રી ડી. એમ. પટેલ,**

**:06 मार्च 2020 11:16 AM**

******************